## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ભેદ-ભરમ ખૂલ્યા નહીં, ખોટી ભવાઈ થઈ !*
*સત્તાના પ્રભાવે સાબિતી - આજે ચવાઈ ગઈ !*
*છવાઈ ગઈ રાજકારણમાં બદનામ સ્રી -*
*'કામ'ના પ્રભાવે 'કચ્છી' ખારેક ખવાઈ ગઈ !*
*(કહાગરાં કમીશન પટપટાવે પૂંછ)*

**હાઈકુ**

*હારે હંમેશ,*
*ને માર ખાય સત્ય -*
*સત્તાની કોર્ટે...*

*નાહતા નથી -*
*આ નેતા વસ્રો પ્હેરી -*
*તો નચોવે શું ?!*

### ચિંતન

*ત્વયા વ્યાપ્તં ઈદં વિશ્વં ત્વયિ પ્રોતં યથાર્થતઃ ।*
*શુદ્ધ બુદ્ધ સ્વરુપસ્તવં મા ગમઃ ક્ષુદ્ર ચિત્તતામ્ ॥*

ઉપરોક્ત શ્લોક તૈતરીય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

આ વિશ્વ તારાથી વ્યાપ્ત છે, તારામાં વણાયેલું છે. ખરી રીતે તો તું પોતે શુદ્ર જ્ઞાનસ્વરુપ છો, માટે શુદ્ર ચિત્તવૃત્તિને વશ ના થઈશ. સંસાર આપણાથી વ્યાપ્ત છે, તેમ સમજવાને બદલે આપણે સંસારથી વ્યાપ્ત છીએ. તેમ માનીએ છીએ. કહીએ પણ છીએ કે સંસારની માયાજાળમાં એવા અટવાયા છીએ કે બસ ! સંસાર ચારે તરફ વીંટળાઈ વળ્યો છે.

મારા છોકરાં, મારું કુટુંબ, મારા મિત્રો, સગાવ્હાલાં, મારું ઘર વગેરે મામકા : ને એ બધું આપણને વીંટળાઈ વળ્યું છે એમ માનીએ છીએ. સંસાર આપણને જરાય બાંધી નથી રાખતો. આપણે જ સંસારને પકડી રાખીએ છીએ. તેથી જ અહીં કહેવાયું છે કે તું સર્વત્ર, તું જ અસ્તિત્વમાં ઓતપ્રોત થયેલો છો, તે સમજ અને શુદ્રવૃત્તિ છોડ.

### સુવિચાર

- આત્મા સંસારીય નથી અને અસંસારીય નથી. સંસારી-અસંસારી એ બધું દેહ માટે છે - **દાદા ભગવાન**
- જયારે સંજોગોમાં સુધારો કરી શકાય તેમ ન જણાય ત્યારે તેને સમય પર છોડી મુક્ત બની જાઓ - **જીવન પાથેય**
- પૂર્વગ્રહ હોય ત્યાં સુધી કડવું સત્ય ગળે ઊતરતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- ચાર પવિત્રતા : જીવાત્માની પવિત્રતા, હૃદયની પવિત્રતા, ઈન્દ્રિયની પવિત્રતા (સંયમથી) અને શરીરની પવિત્રતા (સ્થાનથી) - **વિચારદીપ**
- સત્ય માણસને ગમે ત્યાં લઈ જઈ શકે છે, જેલમાં પણ - **પોલેન્ડની કહેવત**
- દુશ્મનના તીરથી વીંધી નાખવા તમે શક્તિમાન હોવ તો એને એની કમાન ચડાવવાનો મોકો જ ના આપો - **કર્નલ જોસેફ**
- આજનું ઔષધ : તજના પાઉડરને દૂધમાં ઉકાળી વિદ્યાર્થીઓને પીવાથી એકાગ્રતા અને સ્મરણ શક્તિ વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શાળામાં સાહેબે એક એકદમ અઘરો દાખલો બોર્ડ પર લખ્યો. અને કહ્યું કે આ સમીકરણનો કોઈ નક્કર જવાબ આવવાનો નથી પણ જે આ સમીકરણ ઉકેલવાનો પ્રયત્ન કરશે અને એ પ્રયત્ન સાચો હશે તો એને ઈનામ મળશે. બધા જ વિદ્યાર્થીઓ મંડી પડ્યા. કોઈક ચાર-પાંચ સ્ટેપ આગળ વધી શક્યા પણ એક વિદ્યાર્થી કંઈ પ્રયત્ન કરતો ન હતો. એ ઉલ્ટાનો જે વિદ્યાર્થીઓ પ્રયત્ન કરી રહ્યા હતા તેમના પર હસી મજાક કરી રહ્યો હતો.સાહેબે તેને હસતાં અને કંઈ પ્રયત્ન ન કરતાં જોયો. સાહેબે ગુસ્સામાં કહ્યું, 'કેમ ? પ્રયત્ન તો કર. શું આમતેમ ડાફોળિયા મારે છે. ને હસે છે ?' વિદ્યાર્થીએ સાહેબને ખાલી પાનું બતાવીને કહ્યું, 'સાહેબ, જેનો જવાબ આવવાનો જ નથી એવા દાખલાને લખવો પણ શું કામ... જે દાખલો હોય કે સમસ્યા જવાબ આપણા હાથમાં ન હોય તેને ભૂલી જઈને આગળ વધી જવું એવું મારી અભણ મા એ શીખવડાયું છે.' નાની વાત છે પણ જીવનની મોટી સમજણ તેમાં રહેલી છે. જીવનમાં પડકારો, સમસ્યાઓ રોજ આવ્યા જ કરે છે. પણ જો એ સમસ્યા આપણાથી હલ થઈ શકતી હોય તો એના માટે જરૂર પ્રયત્નો કરવા જોઈએ. પણ અમુક પ્રશ્નોનો આપણી પાસે કોઈ ઈલાજ ન હોય ત્યારે સમસ્યા સામે સતત લડવાને બદલે, તે મુશ્કેલીને ભૂલી જઈ જીવનમાં આગળ વધી જવામાં જ શાણપણ છે. સમસ્યાની પાછળ પડવાથી જો બીજી સુખની પળો અને આનંદની ક્ષણો જો માણવાની રહી જાય એવું બને તો સમસ્યાને ભૂલવી જ હિતાવહ છે.

# પ્રજાના હૃદયમાં રાજ કરે તે લોકનેતા

**તંત્રીસ્થાનેથી...**

ગઈ કાલે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો ૯૩મો જન્મદિવસ હતો અને એથી એક દિવસ પહેલાં સૌરાષ્ટ્રના ખમતીધર ખેડૂત આગેવાન વિઠ્ઠલભાઈ રાદડિયાનું કેન્સરની બિમારીથી મૃત્યુ થયું. આ બેઉ આગેવાનો પોતપોતાની રીતે વિશિષ્ટ પ્રતિભાશાળી લોકનેતાઓ તરીકે ઊપસી આવ્યા એની પાછળ એમની ખંત, ધીરજ અને પ્રજા તરફની નિષ્ઠા જવાબદાર છે. માધવસિંહ સોલંકી તો મૂળે રાજકારણનો જીવ હતા જ નહીં. એમને વિશેષ રસ સાહિત્ય અને પત્રકારત્વમાં હતો. વકીલ તરીકે તેઓની સારી છાપ હતી. સ્વ. હમીદ કુરેશી સાથે વકીલાત કરતા ત્યારે છેક તાલુકા કક્ષાએ અને સેશન્સ કોર્ટોમાં એમની ધાક હતી. સંજોગો એમને પાછલા બારણેથી રાજકારણમાં ખેંચી લાવ્યા. એમના સસરા ઈશ્વરભાઈ ખોડાભાઈ ચાવડાની વિશિષ્ટ કારણસર ખાલી પડેલી બેઠક પરથી મોરારજીભાઈ દેસાઈના નેતૃત્વવાળી સિદ્ધાંતવાદી કોંગ્રેસે એમને ટિકિટ આપી અને તેઓ મુંબઈ ધારાસભાના સભ્ય બન્યા. એમના નામે એક વિશિષ્ટ વિક્રમ નોંધાયો છે. કયારેય ચૂંટણી નહીં હારેલા માધવસિંહ સોલંકીએ પછાત વર્ગો માટે ૨૭ ટકા અનામતની જોગવાઈ કરી એથી એ એટલા બધા લોકપ્રિય બની ગયા કે વિધાનસભાની ૧૮૨ બેઠકોમાંથી ૧૪૯ બેઠકો જીતી લાવ્યા, પરંતુ નસીબના ખેલ કે અનામત આંદોલને એમની મુખ્યમંત્રીની ગાદી છીનવી લીધી અને એમને રઝળતા કરી મૂક્યા. જોકે કોંગ્રેસે એમની વિશિષ્ટ શક્તિની કદર કરી એમને રાજયસભાના સદસ્ય બનાવી કેન્દ્ર સરકારમાં આયોજનથી લઈ વિદેશખાતા સુધીની મહત્ત્વપૂર્ણ કામગીરી સોંપી હતી. ચાર વખત મુખ્યમંત્રી પદના અને કેન્દ્રીય વિદેશમંત્રી પદના શપથ લેનાર મેધાવી નેતાને બોફોર્સની કહેવાતી ચિઠ્ઠી, નડી, જેણે એમની રાજકીય કારકિર્દી લગભગ સમાપ્ત જ કરી દીધી. પરંતુ એમનો વક્કર અને પછાત સમાજ ઉપરનો પ્રભાવ એમના વારસદારો તરીકે ભરતસિંહ સોલંકી અને અમિત ચાવડાને રાજકીય રાજકીય કારકિર્દી બનાવવામાં ખપ લાગ્યો. ૯૩ વર્ષની જૈફ વયે માધવસિંહ સોલંકી હજુ પણ એમની સાહિત્યપ્રીતિ અને લોકપ્રિયતાના નિમિત્તે પ્રજાના હૃદય પર રાજ કરે છે.

સૌરાષ્ટ્રના પાટીદાર અગ્રણી વિઠ્ઠલભાઈ રાદડિયા મૂળે સહકારી ક્ષેત્રના આગેવાન. પરંતુ લેઉવા પાટીદાર સમાજ ઉપરની એમની પકડ એટલી મજબૂત કે કેશુભાઈ પટેલ જેવા ધુરંધર નેતા ભારતીય જનતા પાર્ટીનું સુકાન સંભાળતા હોવા છતાં તેઓએ પોતાના સંસદીય વિસ્તારમાં 'લાર્જર ધેન લાઈફ સાઈઝ' ઈમેજ ઊભી કરી હતી અને અંતિમ શ્વાસ સુધી એમની એ ઈમેજ અકબંધ રહેવા પામી હતી. કોંગ્રેસ છોડીને ભારતીય જનતા પાર્ટીની કંઠી પહેરી ત્યારે પણ એમના મતદારો એમની સાથે જ રહ્યા. આજે એમના એ પ્રભાવને કારણે જ એમના યુવાન સુપુત્ર અને જેતપુરના ધારાસભ્ય વર્તમાન સરકારમાં કેબિનેટ મંત્રીનો દરજ્જો ધરાવે છે. રાદડિયાની સમાજસેવા બેનમૂન હતી અને એમની ક્રાંતિકારી પહેલ - વિધવા પુત્રવધૂને દીકરી ગણીને ૧૦૦ કરોડનું કન્યાદાન કરવાનું પુનિત કાર્ય એ ગુજરાતના પાટીદાર સમાજ માટે પ્રેરણાદાયી ઘટના તરીકે યાદ રહેશે. આવા આગેવાનોને પ્રજા પાર્ટીથી પર જઈને ચાહતી રહી છે અને આવા જ નેતાઓ એમની હયાતી બાદ પણ પ્રાસંગિક બની રહેતા હોય છે. માધવસિંહ ભાઈને આપણે નિરામય દીર્ઘાયુષ્ય ઈચ્છીએ અને દિવંગત વિઠ્ઠલભાઈ રાદડિયાના આત્માની સદ્‌ગતિ પ્રાર્થીએ.

# ....પણ એક દિવસ વહેલી સવારે સનસનાટી ફેલાઈ ગઈ



**નવાં કલેવર**

નટવર હેડાઉ

વરસાદમાં વિલંબ થાય ત્યારે ચોરીઓનો ઉપદ્રવ વધી જાય છે. શહેરના નવા વિકસીત વિસ્તારમાં બનેલા બહુમાળી ફલેટો અને બંગલાઓમાં વારંવાર ચોરીના બનાવો બનવા લાગતાં જાણે કે ચોરોનો આતંક છવાઈ ગયો હોય એવું લાગે.

આજે કોઈ ઘરનું તાળું તૂટ્યુંનો કાલે કોઈના ઘર પાસેથી કાર ચોરાઈ ગઈ. પોલીસ પણ ચોરની શોધ શકતી ન હતી. છેવટે બધા રહેવાસીઓએ ભેગા મળીને મીટીંગ કરી. ચોરીઓ અટકાવવાનાં કેટલાંક સૂચનો થયા. સિક્યુરીટી ગાર્ડની સાથે સોસાયટીના યુવાનો વારાફરતી રોજ જાગશે. કંઈ હલચલ જણાય તો બાજુની સોસાયટીના લોકોનો પણ તાત્કાલિક સંપર્ક કરવો. દિવસે ફેરિયાઓને સોસાયટીમાં ઘૂસવા દેવા નહીં. ઘરકામ કરતા નોકરોની માહિતીઓ તૈયાર કરવી. અજાણ્યા કોઈ લોકોની અવરજવર જણાય તો તુરત પોલીસને જાણ કરવી.

બધા રહેવાસીઓએ મળી નક્કી કર્યું કે હવે ખૂબ જ સાવધાન રહેવું પડશે. સહેજ અમથો ખખડાટ થાય તો બધાએ ઊઠી જવું અને બૂમાબૂમ કરી મુકવી.

બરાબર તેના બીજા દિવસે રાતના સમયે બૂમાબૂમ અને હો થઈ... ચોર... ચોર.

દોડધામ મચી ગઈ. બધા પોતપોતાના ઘરમાંથી બહાર ધસી આવ્યા. ટોળું ભેગું થઈ ગયું. દરેક એકબીજાને પૂછતા હતા શું થયું ? બધા ઘરોની લાઈટો ઝગમગી ઉઠી, લાકડીઓ, હોડીઓ લઈ લોકો આવી ગયા. ઝટપટ ઉતાવળથી મોરચો ગોઠવાઈ ગયો. એકાદ કલાક આમતેમ શોધ ચાલતી રહી. ધાબા પર, ગેલેરીઓમાં અને ખૂણે ખાંચરે આજુબાજુ બધે શોધખોળ કરી પણ કોઈ જણાયું નહીં. એવું જાણવા મળ્યું કે જયાં બુમાબુમ થયેલ તે ઘરમાં એક સ્રીને સપનામાં ચોર દેખાતાં તેને જોર જોરથી ચીસાચીસ કરી મુકેલી. છતાં સૌ કોઈ એ આ વાતને ગંભીરતાથી લઈ ખૂબ સાવધાની રાખવાનો નિર્ણય કર્યો.

થોડા દિવસ બાદ એક ઘરમાં વાણસો પડવાનો અવાજ સંભળાયો. અવાજ સાંભળી સૌ ચોંકી ઉઠ્યા. બધા ભેગાં થઈ ગયા. તપાસ કરતાં જાણવા મળ્યું કે રાત્રે બારી ખુલ્લી રહી જતાં બિલાડી રસોડામાં ઘુસી આવી હતી. તેણે વાણસો ફંફોસતા થાળી વાટકા ધડાધડ નીચે પડ્યા હતા.

હવે લોકો અને ચોકીદાર બધા જરા ઢીલા પડ્યા. તેમણે વિચાર્યું કે હવે ચોર આ તરફ તો કયારેય આવશે જ નહીં. તેમને ખબર પડી ગઈ છે કે અહીંના લોકો ખૂબ સાવચેત છે.

બધાં વહે નચીંત હતા. કયારેક કંઈ સામાન્ય અવાજ થાય તો મનમાં વિચારતા કે આવો ખખડાટ તો થતો રહે એમાં કંઈ નહીં.

પણ એક દિવસ વહેલી સવારે સનસનાટી ફેલાઈ ગઈ. બધા હત્પ્રભ એકબીજાનાં મોં તરફ જોતા હતા.

જાણવા એવું મળ્યું એક સાથે સાત ઘરોમાં ચોરી થઈ ગઈ.

# પત્રો : ઝવેરાતની પેટીમાં સાચવી રાખવા જેવા ઘરેણા





**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક યુવાન યુગલ પતિ-પત્નિ. લગ્ન થયા તેને વધુ સમય નહીં થયો હોય. લગ્ન પહેલા પતિને બીજી કોઈ યુવતિ સાથે પ્રેમ હતો અને તે બંને એકબીજાને અનહદ પ્રેમ કરતાં હતા. સંજોગવસાત તે બન્ને એકબીજા સાથે લગ્ન કરી શક્યા નહિ. લગ્ન પહેલા પતિએ પોતાની પત્નિ સમક્ષ પોતાનો આખો ભૂતકાળ ખુલ્લો મૂકી દીધો હતો અને પત્નીએ એ જાણી, વિચારી, સમજી અને સ્વિકારીને જ તેની સાથે લગ્ન કર્યા હતા.

લગ્ન પહેલા પતિની પ્રેમિકાએ ભેટ-સોગાદોમાં આપેલી કેટલીક કિમતી વસ્તુઓ તેના ઘરમાં પડી હતી. એ વસ્તુઓ પતિને પ્રેમીકાને પરત મોકલી આપવા એક દિવસ પત્નિએ પતિ સમક્ષ મૂક્યો. પતિ એ પ્રસ્તાવ સહર્ષ સ્વીકારીને કહે છે કે થોડા દિવસોમાં એ બધી વસ્તુઓ કોઈ વ્યક્તિ મારફત પરત પહોંચાડી દઈશું. ત્યારે પત્ની કહે ચ્હે કે કોઈ સાથે શા માટે તું જ આપી આવજે.

પોતાની પ્રેમીકાને પરત મોકલવાની વસ્તુઓ સાથે પ્રેમિકાએ લખેલા પત્રો પણ પરત મોકલવા માટે પતિ પોતાના ઘરમાં એ પત્રો શોધતો હોય છે. પતિને કશુંક શોધતો જોઈને પત્નિ પૂછે છે કે શું શોધે છે ? તો પતિ કહે છે કે પત્રો.

પત્નિ પોતાનો કબાટ ખોલીને તેમાથી એક જ્વેલરી બોક્ષ કાઢીને પતિ ને આપે છે. પતિ આશ્ચર્યચકિત થઈ ને એ જ્વેલરી બોક્ષ ખોલે છે તો તેમાથી પોતે શોધતો હતો એ બધા જ પત્રોનું એક બંડલ વ્યવસ્થિત સાચવેલું તેમાથી નીકળે છે. પતિ પત્નીને કહે છે કે આ બોક્ષમાં તો તારા ઘરેણાઓ રાખતી હતી ને ? પત્નિ સહજભાવે સ્મિત સાથે પ્રત્યુતર આપે છે કે હા, આ બોક્ષમાં મારા ઘરેણા રાખતી હતી હવે તેમાં તારા ઘરેણા મૂકી દીધાં.

આ વાત, આ દ્રશ્ય છે રેખા, નસિરુદીન શાહ અને અનુરાધા પટેલ અભિનિત, ગુલઝારજી દિગ્દર્શિત ફિલ્મ ઈજાજતનું.

સંબંધો કોઈપણ પ્રકારના હોય, પણ દરેક સંબંધોમાં પત્રો લખાતા હોય છે. માતા અને દીકરી વચ્ચે લખાતા પત્રો, પિતા અને પુત્ર વચ્ચે લખાતા પત્રો, દીકરી અને પિતા તથા દીકરો અને માતા વચ્ચે લખાતા પત્રો, બે મિત્રો, બે સ્નેહીઓ, પ્રિયતમ અને પ્રિયતમા, વાગદ્‌તા કે મંગેતર, કે પતિ-પત્નિ વચ્ચે લખાતા પત્રો. પત્રો એ બે સંબધીઓ વચ્ચેનો સંબંધસેતુ છે. આ સેતુ દ્વારા દ્વારા માત્ર માહિતી કે સમાચાર જ નહિ પણ એકબીજાની લાગણીઓની, એકબીજાના સુખ-દુખની, એકબીજાની વેદના-સંવેદનાની આપ-લે થતી હોય છે. પત્રો દ્વારા વ્યકિત પોતાની સંવેદનાઓને વ્યક્ત કરીને એવી રીતે હળવીફૂલ થઈ જતી હોય છે કે જાણે પોતાના હદય પર ઊભેલો મોટો પહાડ હટી ગયો હોય.

શ્રીમદ ભાગવતમાં ઉલ્લેખ છે કે રૂકમણીજીના શ્રીકૃષ્ણ સાથેના લગ્ન પહેલા રૂકમણીજીએ શ્રીકૃષ્ણને પોતાનું હરણ કરી જવા માટે પત્ર લખ્યો હતો. રૂકમણીજીએ લખેલા એ પત્રનું કોઈ અજ્ઞાત કવિએ કાવ્ય રૂપાંતર કર્યું છે;

શ્રોતા તણા શ્રવણ દ્વારથી શ્યામ પેસી,
પ્રત્યંગના સકળ તાપ હરો ગુણોથી;
ને દર્શને સકલ મંગળ સિધ્ધ હેતુ,
આવી જજો છુપી રીતે લૈઈ સૈન્ય સાથે
માની પતિ મનથકી વરી આપને હું,
આત્મા સમર્પણ હરે કરી હું ચુકી છું;
રે, સિંહ ભાગ શિશુપાલ સમો શૃગાલ,
સ્પર્શી ન જાય ધરજો કમલાક્ષ ખ્યાલ.
કીધેલ હોય નિયમે વૃત પુન્ય લેશ,
પૂજેલ હોય ગુરૂદેવ દ્વિજ પરેશ;
તો આવી આંહિ ગ્રહજો મુજ પાણિ કૃષ્ણ,
થાજો ન આપ વિણ રે, શિશુપાલ સ્પર્શ.
શ્રીમદ્ ભાગવત

વ્યક્તિને થતાં શોક, સંકોચ, શરમ કે ભયને કારણે કેટલીક વાત, કેટલીક માહિતી, કેટલાક સંદેશાઓ, કેટલીક લાગણીઓ રૂબરૂમાં વ્યક્ત થઈ શકતી નથી હોતી. રૂબરૂમાં વ્યક્ત ના થઈ શકે એવી લાગણીઓ પત્ર દ્વારા સરળતાથી વ્યક્ત થઈ શકતી હોય છે કારણ કે પત્ર દ્વારા લાગણી વ્યક્ત કરવામાં કોઈ જ પ્રકારનો સંકોચ કે આંખની શરમ નથી નડતી. પત્ર દ્વારા અણગમતી વાત, નારાજગી, ગુસ્સો કે આક્રોશ પણ વ્યક્ત થઈ શકે અને પ્રેમના મીઠા શબ્દો તથા કરૂણા પણ વ્યક્ત થઈ શકે. પોતાની કોઈપણ પ્રકારની લાગણી વ્યક્ત કરવા માટે પત્રમાં કોઈ જ પ્રકારના બંધનો નથી નડતાં. બીજા શબ્દોમાં કહીએ તો પત્ર દ્વારા વ્યકિત પોતાના સ્નેહી-સંબંધીને પોતાનું આખેઆખું હદય જ ખોલીને પહોંચાડી દેતી હોય છે જેથી એ હદયમાં જે કોઈ પ્રકારની લાગણી હોય એ વ્યક્ત થઈ શકે અને પત્ર વાંચનાર સુધી પહોંચી શકે.

(ક્રમશઃ)

# આ ભ્રષ્ટાચારનું હવે નિકંદન કઈ રીતે કાઢીશું ?






**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જીવનની આધિ વ્યાધિ અને ઉપાધિમાં પણ વિવિધતા જે ઈશ્વરે રાખી છે તે જોઈને પણ 'સુપરપાવર'ની શક્તિનો અંદાજ આવી જાય છે. સૃષ્ટિના વૈવિધ્યને કોણે બનાવ્યો ? બધુ જ હરિને હાથ છે છતાં માનવ આજે નથી પોતે દિલથી વિચારતો કે નથી ભગવાનમાં શ્રદ્ધા રાખતો એટલે જ સર્વત્ર પીડાઓ વધતી જાય છે.

વિશ્વ બહુ જ વિશાળ અને અજાયબીઓથી ભરેલું છે અને સમયાંતરે પરિવર્તનો આવતા જ રહે છે છતાં આજે ઈશ્વર ખુદ ઉદાસ થયા હશે કે મારી ઉત્તમ કૃતિ નરાધન બનીને બધાના વિનાશનું કારણ બની રહી છે ! માનવ એ સર્વોત્તમ કૃતિ ઈશ્વરની છે જે સ્વયં એટલી ગંદી, હિન, રૂક્ષ, સ્વાર્થી થઈ ગઈ છે કે તે ખુદ સુખી નથી કે નથી અન્યને સુખી થવામાં સહાયરૂપ ! દરેક રાષ્ટ્રમાં ભ્રષ્ટાચાર પ્રવર્તે છે એમ ભારતમાં પણ આ ભ્રષ્ટાચાર વ્યાપક છે અને તેની જાણ ખુબ થઈ તો સત્તામાં પણ પરિવર્તન આવ્યું. જે આચાર વ્યવહાર ખરાબ હોય તે ભ્રષ્ટાચારની વ્યાખ્યામાં આવે છે. ભ્રષ્ટચારનું ફલક મોટું છે. સદાચારની કમી કે ખામી હોય ત્યારે ભ્રષ્ટાચારનો અનુભવ થાય છે, સવાલ મહત્ત્વનો એ છે કે સમાજ કે લોકો ભ્રષ્ટ શા માટે થાય છે એ શા કારણે સદાચારને ત્યદી દે છે ?? આ મૂળ કારણ ઉપર જ ધ્યાન આપવાનાં દિવસો આવી ગયા છે, ભ્રષ્ટાચાર આર્થિક હોય ત્યારે તેને માપી શકાય, જાણી શકાય, કોણે કર્યું તે નક્કી કરી શકાય જેને આપણે કૌભાંડ તરીકે ઓળખીએ છીએ. આ ભ્રષ્ટાચાર બિન નાણાંકીય હોય ત્યારે ક્રૂરતા, રેપ, હત્યા, છળ, કપટનાં સ્વરુપમાં આપત્તિનું સર્જન કરે છે.

લોકોની ઘેલછા વધુ ને વધુ સંપત્તિ એકઠી કરવાની બંધ થતી નથી ભોગવાદ મર્યો નથી. ભૌતિકવાદમાં જ સન્માન અને સુખ મળે છે તે માન્યતા દૃઢ થઈ ગઈ છે એટલે મંદિરે જવાનું દર્શન કરવાના અને ત્યાંથી બહાર નીકળીને ભ્રષ્ટાચારનો હાથ ઝાલી લેવાનો !!

ભ્રષ્ટાચારનું મૂળ અત્યંત ગરીબી અને વંચિતપણામાં છે સમય જતા આ મૂળમાંથી વૃક્ષ થયું અને ઘેઘુર થયું છે ! ભ્રષ્ટાચાર કરનારાને છોડવામાં નહીં આવે એ વિધાન ઉપર જનતા ને હજી ભરોસો છે હવે સરકારે એક નંબર જાહેર કર્યો છે તેમાં માણસ લાંચ કોઈ લેવા ઈચ્છતો હોય તો વાત કરવાથી સત્વરે ભ્રષ્ટાચાર વિરોધી સેલ કાર્યવાહી કરશે - કરે છે ! લાંચ એ ભ્રષ્ટાચારનું સર્વ સામાન્ય નજરે પડતું સ્વરુપ છે. સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીમાં લખ્યું છે કે વ્યવહાર કાર્યને વિશે લાંચ લેવી નહીં. વ્યવહાર કે સેટિંગ કરવાની પ્રથા એ ભ્રષ્ટાચાર છે. ફરજમાં આવતા કામને ઠેબે ચડાવવું કે કરવામાં વિલંબ કરી અંતે નાણા માંગવા એ ભ્રષ્ટાચાર છે.

દરેક સરકારી વિભાગોમાં લોકો મહંદશે નીતિની દૃષ્ટિએ ઉમદા કર્મચારી રહ્યા નથી તે કડવી હકીકત છે, ભ્રષ્ટાચાર કોણ મોખરે છે તે લોકો અને પ્રશાસન જાણે જ છે, પણ આ ઝેરી નાગને કોણ નાથશે ? ગુજરાતની વાત કરીએ તો કેગનો રિપોર્ટ હાલમાં આવ્યો જેમાં ૨૦૧૭-૧૮ના વર્ષની વાત કહેવામાં આવી છે. ૧૪ કરોડની ઉચાપતો થઈ છે. સરકારી બાબુઓએ ઉચાપત કર્યાનાં કુલ નવ્વાણું કિસ્સા સામે આવ્યા છે, જેમાં કુલ ૧૨.૮૧ કરોડની ઉચાપતો પકડાઈ છે. સૌથી વધુ ઉચાપતો શિક્ષણ વિભાગમાં ૩.૮૫ કરોડની રહી છે. આ ઉપરાંત ૭૩ લાખનો સરકારી માલસામાન ચોરી અથવા સગેવગે થઈ ગયો હોવાનું પણ નોંધાયું છે. સરકારી બોર્ડ અથવા કોર્પોરેશન જંગી ખોટ કરી રહ્યા છે, જેમાં એસ.ટી.ની ખોટ ૨૬૪ કરોડની, જીપીએસસીની રૂા. ૧૫૬૪ કરોડની ખોટ, સરદાર સરોવર નિગમે રૂા. ૧૦૭૫ કરોડની ખોટ કરેલી છે ! ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિ.એ. ૧૩૭ કરોડની ખોટ કરી છે. ખોટના કારણે રાજયના જાહેર ક્ષેત્રના ઉપક્રમે કુલ રૂા. ૨૨૪૩૧ કરોડનું નુકશાન થયું છે. કેન્દ્ર સરકારનાં કેટલાય ઉપક્રમે જંગી ખોટ કરી રહ્યા છે આ મુદ્દો અલગ છે છતા વાત જરૂરી એટલા માટે છે કે આ બધામાં ખોટું કરવાની વૃત્તિ મૂળમાં પ્રવર્તે છે. જે વાસ્તવમાં વિસ્તૃત ભ્રષ્ટાચાર જ છે. ટૂંકા માર્ગે પૈસા બનાવવાની ઘેલછાથી ભ્રષ્ટાચાર ચાલતો રહે છે.

આર્થિક સંકડામણ, તંગી, જવાબદારી, દેખાદેખી, સામાજિક સ્ટેટસ, આદત, લાલચ, લોભ, વગેરેના કારણે વ્યક્તિ આ ભ્રષ્ટાચારના માર્ગે આગળ વધી જાય છે. બીજી કમાણીના આધારે સમાજ દરેકને મૂલવે છે પછી કમાણી ભલેને પાપના અનીતિના રસ્તાથી આવતી હોય તે કોઈ જોતું નથી. કાયદેસરના કાર્યની જરૂર ફી ભરી હોવા છતાં કોઈ કામ સત્વરે થાય નહીં એટલે કોઈક રસ્તો બતાવે જે ભ્રષ્ટાચારનો જ હોય છે!! ત્રીજું કોઈને પણ કાયદાનો ડર રહ્યો નથી. ચોથું કર્મનો કાનૂન અવિચલ અને શુદ્ધ તથા ચોક્કસ છે છતાં તેમાં માનવું નથી. સારા કર્મએ તો માનવ જન્મથી પ્રાપ્ત થતી બક્ષિસ છે તે વાત સ્વીકારવાની તૈયારી નથી. સરકારી કચેરીઓમાં કામ પરત્વેની દૃષ્ટિ જ ભાંગી ગઈ છે ત્યાં વિલંબ, લાલચ, લોભ, પુષ્કળ વ્યાપી રહ્યા છે પણ હવે સરકાર ખુબ જ દૃઢ બની છે થોડા સમય પહેલા જ અતિ ઉચ્ચ હોદ્દા ઉપર કામ કરતાં લોકોનાં રાજીનામા માંગી લેવામાં આવ્યા જે પ્રશંસાને પાત્ર પગલું છે. નાના અને મધ્યમ વર્ગના સરકારી કામો ઝડપથી અને રૂશ્વત વિના થાય એ ખુબ હવે જરૂરી છે જેને આપણે સુશાસન કહીએ છીએ. રાષ્ટ્રવાદ જો હૈયે હોય તો લોકોના કામમાં તેનું પ્રતિબિંબ અવશ્ય પડવું જોઈએ. માત્ર વંદે માતરમ્ કે જય હિંદ બોલવાથી કંઈ જ થતું નથી. દિલની ભાવના શુદ્ધ બને સ્વસુધાર થાય તો જ આ મામલે ભ્રષ્ટાચાર હારે !!

મોદી સાહેબ મોટા સ્વપ્નના વડાપ્રધાન છે અને એ ચોક્કસ ચાહે છે કે ભારત હવે બદલાવું જ જોઈએ તેમાં પ્રજા તરીકે સાથ બધાનો અવશ્ય જોઈશે. આવો, આપણે આંતર શુદ્ધિમાં આહૂતિ આપીએ !

**શેર આસ્વાદ :**

***હું કહું ને તમે આપો તો માંગણી જેવું લાગે***
***માંગ્યા વગર આપો તો લાગણી જેવું લાગે***